ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૯૧/૨૧-૨૨/ 1368 તારીખ : 28 APR 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી પ્રદિપસિંહ દીલીપસિંહ જાડેજા,**
**૭, વિજયરાજ નગર,**
**મું.મહુવા,**
**જી.ભાવનગર.**

કેસ નં.૯૧/૨૧-૨૨

મો.નં- ૯૯૨૪૭ ૭૩૩૪૭

**વિષય : અમારી ભાડાની દુકાનમાં નવું વિજ જોડાણ આપવા અંગે.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૪/૦૩/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૭/૦૩/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૧/૨૧-૨૨/૯૩૮ તા.૧૯/૦૩/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૧/૨૧-૨૨/૯૯૫ તા.૨૪/૦૩/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૫/૦૪/૨૦૨૨ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**
O/C

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી, **મહુવા.**

Redressal Forum Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૯૧/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી પ્રદિપસિંહ દિલીપસિંહ જાડેજા,**

◊ **વિરૂધ્ધ** ◊

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૫/૦૪/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી પ્રદિપસિંહ દિલીપસિંહ જાડેજા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી પ્રદિપસિંહ દિલીપસિંહ જાડેજા, મું.મહુવા, જી.ભાવનગર ની અમારી ભાડાની દુકાનમાં નવું વિજ જોડાણ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૧/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૧/૨૧–૨૨/૯૩૮ તા.૧૯/૦૩/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૫/૦૪/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી પ્રદિપસિંહ દિલીપસિંહ જાડેજા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદીશ્રી પ્રદિપસિંહ દિલીપસિંહ જાડેજા, ૭, વિજયરાજનગર, મહુવા પાસે રહેણાંક ધરાવીએ છીએ. અમોએ મહુવા નગરપાલીકાના ભાસ્કરભાઈ ઠાકર બિલ્ડીગ (ગેરેજ બિલ્ડીગ), ગાંધીબાગ રોડ, મહુવામાં દુકાન નં–૧૯ ભાડેથી રાખેલ છે.

૧.૨ સદર દુકાનના વિજ જોડાણ માટે અમોએ તા.૨૮/૧૧/૨૦૧૮ ના રોજ જરૂરી તમામ ડોકયુમેન્ટો સાથે મહુવા ટાઉન સબ ડિવિઝન માં અરજી કરેલ હતી.

૧.૩ તા.૧૫/૧૨/૨૦૧૮ ના રોજ વિજ જોડાણ મેળવવા માટેની જરૂરી તમામ રકમ મહુવા ટાઉન સબ ડિવિઝન માં રૂા.૨૧૬૧/– પહોંચ નં–૮૪૮૨૭૫, રૂા.૩૫૦૦/– પહોંચ નં–૮૪૮૨૭૬, તેમજ રૂા.૨૦/– પહોંચ નં–૮૪૮૨૭૮ તેમજ રૂા.૧/૮૦ પહોંચ નં–૮૪૮૨૭૯ અને રૂા.૧/૮૦ – ૮૪૮૨૮૦ થી ભરી આપેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૪ અમો મહુવામાં ઘણા લાંબા સમયથી વેપાર કરી અમારા પરીવાર નું ગુજરાન ચલાવીએ છીએ. અમારા પાસે પીજીવીસીએલ નું કોઈ લેણું બાકી રહેલ નથી. તેમજ વિજળી જીવન જરૂરીયાત ની અનિવાર્યતા છે.

૧.૫ અમારી અરજ છે કે, મહુવા ટાઉન સબ ડિવિઝન અમોને કુદરતી ન્યાય ના સિંધ્ધાંતો અને વિજળી મેળવવી તે અનિવાર્ય હોય આ મુજબ અમોને વહેલી તકે અમોની દુકાનમાં કનેકશન મેળવવા આ અરજી કરવા ફરજ પડેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદાર નું નામ – શ્રી પ્રદિપસિંહ દિલીપસિંહ જાડેજા

૨.૨ કેટેગરી – નવું વિજ જોડાણ (કોમર્શિયલ)

૨.૩ અરજદારશ્રી પ્રદિપસિંહ દિલીપસિંહ જાડેજા, ૭, વિજયરાજનગર,મહુવા પાસે રહેણાંક ધરાવે છે. તેમજ તેઓએ મહુવા નગર પાલીકાના ભાસ્કરભાઈ ઠાકર બિલ્ડીગ (ગેરેજ બિલ્ડીગ), ગાંધીબાગ રોડ, મહુવામાં દુકાન (વોર્ડ નં–૧૯) ઓફીસ નં–૯ ભાડેથી રાખેલ છે.

૨.૪ વાદી દ્વારા સદર જગ્યા પર સીંગલ ફેઈઝ વ્યવસાયીક હેતુ માટેનું વિજ જોડાણ માંગવામાં આવેલ હતું. પરંતુ, સદર વિજ જોડાણ જે જગ્યા પર માંગવામાં આવેલ છે તે જગ્યા ઉપર અગાઉ ગ્રાહક નં–૩૭૧૦૩/૦૫૮૬૧/૦ વાળું ગાંધી અરવિંદભાઈ મનસુખભાઈ ના નામે વ્યવસાયિક હેતુ માટેનું વિજ જોડાણ હતું અને જેઓને ત્યાં તા.૨૧/૦૫/૨૦૦૯ ના રોજ વિજ ચેકીંગ કરેલ અને તેઓને પાવર ચોરીનું ૧૩૫ થેફટનું રૂા.૧૨૩૫૦૪/૯૮ નું પુરવણી બિલ આપવામાં આવેલ હતું અને જેમાં ડીપીસી ઉમેરતા કુલ રૂા.૧,૩૬,૪૭૪/– બાકી રકમ અંગેનો દિવાની કેસ નં–૭૬/૨૦૧૫ દાખલ કરવામાં આવેલ. સદર દાવાનું હુકમ નામું તા.૩૦/૦૮/૨૦૧૭ ના રોજ કંપની તરફેણમાં આવતા તેમની વસુલાત માટે દરખાસ્ત નં–૨૧૪/૨૦૧૭ દાખલ કરવામાં આવેલ હતી.

૨.૫ સદર દરખાસ્તમાં કંપની દ્વારા વારસદાર જોડવામાં નિષ્ફળ જતા દરખાસ્ત નામંજૂર કરવાનો હુકમ તા.૩૦/૦૮/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ હતો.

૨.૬ સદર જગ્યા પર કનેકશન આપવા બાબતે એડવોકેટ શ્રી કૃતાર્થ વૈધ પાસે કાનૂની અભિપ્રાય માંગવામાં આવેલ હતો અને તેમના દ્વારા સદર જગ્યા પર કનેકશન આપવા અભિપ્રાય આપેલ છે અને તે મુજબ અત્રેની પેટા વિભાગીય કચેરી ટાઉન દ્વારા તા.૦૬/૧૦/૨૦૧૮ ના રોજ ડયુ સર્ટીફીકેટ આપવામાં આવેલ અને વાદીને તા.૦૩/૧૧/૨૦૧૮ ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ અને તે મુજબ વાદી દ્વારા સદર અંદાજપત્ર ના નાણાં તા.૧૫/૧૨/૨૦૧૮ ના રોજ ભરેલ હતા.

૨.૭ એડવોકેટશ્રી દ્વારા ગ્રાહક તરફી અભિપ્રાય આપવાને લીધે અત્રેની કચેરી દ્વારા તેઓને ચેતવણી આપવામાં આવેલ હતી.

૨.૮ તદઉપરાંત, વાદી દ્વારા રજૂ કરેલ A-1 ફોર્મ ની સાથે નોટરાઈઝડ સંમતિ આપેલ છે તેમાં જણાવેલ છે કે, '' અમોને લાઈટ કનેકશન આપવામાં આવે માલીક કે અગાઉના ભાડૂઆત પીજીવીસીએલ કંપની નું કોઈ પણ જાતનું લેણું નીકળશે તો તે ભરવાની તમામ જવાબદારી અમારી પોતાની રહેશે તેવી હું બાંહેધરી આપુ છું.''

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૯ તેમજ સદર જગ્યા પર કંપની નું બાકી લેણું હોવાથી વિજ કનેકશન આપી શકાય નહી તે અંગે મહુવા ટાઉન પેટા વિભાગીય કચેરી દ્વારા વાદીને તા.૧૪/૦૬/૨૦૨૧ તેમજ તા.૧૭/૧૨/૨૦૧૮ ના રોજ પત્ર લખીને જાણ કરેલ છે.

૨.૧૦ આમ સદર જગ્યા પર કંપની નું બાકી લેણું રૂા.૨,૩૯,૫૨૫/– હોવાથી GERC ના સપ્લાય કોડ નોટીફીકેશન નં–૪/૨૦૧૫ ના કલોઝ નં–૪.૩૦ મુજબ વાદીને વિજ કનેકશન આપી ના શકાય.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી પ્રદિપસિંહ દિલીપસિંહ જાડેજા, રહે.૭, વિજયરાજનગર, મહુવા દ્વારા તેમને નગર પાલીકાના બિલ્ડીંગમાં ભાડે રાખેલ દુકાન નં–૧૯ માં વિજ જોડાણ માટે કરેલ અરજી પીજીવીસીએલ મહુવા શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા તે જગ્યા પર અગાઉનું પાવર ચોરી ના બિલ ની રકમ રૂા.૧,૩૬,૪૭૪/– + વ્યાજ બાકી હોય તે ભરપાઈ થયે કનેકશન આપવા બાબતની તકરાર ને લઈને ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન રજૂ થયેલ રેકર્ડ તથા રજૂઆતોને ધ્યાને લેતાં, ફોરમ ને જણાય છે કે, અરજદાર શ્રી દ્વારા સદર કનેકશન માં રજીસ્ટ્રેશન સમયે નોટરાઈઝડ સમંતિપત્રક આપેલ છે કે, '' અમોને લાઈટ કનેકશન આપવામાં આવે માલીક કે અગાઉના ભાડૂઆત પીજીવીસીએલ કંપની નું કોઈ પણ જાતનું લેણું નીકળશે તો તે ભરવાની તમામ જવાબદારી અમારી પોતાની રહેશે તેવી હું બાંહેધરી આપુ છું.''

૩.૩ આ તબકકે પ્રતિવાદીની રજૂઆત છે કે, "સદર જગ્યા પર કંપની નું જુનું લેણું બાકી હોવાથી GERC સપ્લાય કોડ નોટીફીકેશન નં – ૦૪/૨૦૧૫ ના કલોઝ નં–૪.૩૦ મુજબ વાદીને વિજ કનેકશન ન આપી શકાય," તે પણ નિયમોનુસાર છે.

૩.૪ આથી, હુકમ કરવામાં આવે છે કે, જો અરજદાર તેમણે આપેલ સંમતિપત્રક મુજબ પ્રતિવાદી પીજીવીસીએલ કંપની નું લેણું ભરપાઈ કરી આપે તો, તેને નિયમોનુસાર કનેકશન આપવા કાર્યવાહી કરવી.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એ.એ.જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– ૦૫/૦૪/૨૦૨૨.